સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

ખોયાં લોભે લક્ષણ, હાથે કરી વટલાઇ ગયા,
ઝડપાયા છીંડે, કોઇના કીધે છેતરાઇ ગયા!
ગયા પટલાઇપદેથી, હતા ગામના એ મુખી -
એ સોજીને સરકારી જૂથોમાં વહેંચાઇ ગયા!

પડ્યું અંટસે
લોકપ્રતિનિધિત્વ,
રડે વિકાસ..
(સંસદ-રાજસભા ઠપ)

સલવાયાં એ,
ઈર્ષાની સમસ્યામાં
ને દોડ્યાં દિલ્હી..
(મિયાંની દોડ..)

ચિંતન

સુખ મધ્યે સ્થિતં દુખં દુખ મધ્યે સ્થિતં સુખમ્ । દ્વયંમન્યોન્ય સંયુક્તાં પ્રાચ્યતે જલપંકવત્ ॥

'સુખમાં રહેલું ગુપ્ત દુઃખ અને દુઃખમાં છુપાયેલું સુખ બંને એકબીજાથી મુક્ત હોય ત્યારે જલ-પંક-વત જેવું કહેવાય.'

સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ ગતિમાન ગાડાંના આરા જેવાં છે. ચક્ર ફરે છે. કર્મની ગતિ આપણે જાણી શક્યા નથી. બહારથી દેખાતું સુખ એ દુઃખ આવવાના અણસારરૂપ પણ હોય. કૌભાંડ કરતાં પ્રધાનો - અધિકારીઓને પૈસો ભોગરૂપ લાગે પણ એ એને 'જેલ'માં લઈ જવાની જ પ્રકૃતિની ચાલ હોઈ શકે. નારાયણ-આશારામ આ બાબતનાં જીવંત ઉદાહરણ છે.

તેવી જ રીતે અત્યારે જે દુઃખ દેખાય છે એ વાદળ પાછળ સોનાનો સૂરજ છુપાયેલો હોઈ શકે - માટે સુખમાં છકી ન જવું, દુઃખમાં હારી ન જવું. નિર્લેપ રહી બંને પરિસ્થિતિમાં 'તટસ્થ' રહી જીવવું જોઈએ.

સુવિચાર

- સાહસ અને પરાક્રમ એ પ્રગતિના બે પગ છે, સાફલ્યના શિખર પર પહોંચવા માટે તેની ખૂબ જ જરૂર પડે છે. - **એસ. ભટ્ટાચાર્ય**
- હું હંમેશા એ બાબત સ્વીકારવા તૈયાર હોઉં છું, જેને હું બદલી શકતો નથી. - **એ.પી.જે. કલામ**
- દાનત ગમે તેટલી સારી હશે, દુનિયા ફક્ત દેખાવ જુએ છે, અને દેખાવ ગમે તેટલો સારો હશે, ઈશ્વર ફક્ત દાનત જુએ છે. - **અખંડ આનંદ**
- અભી ના પૂછો હમસે મંઝીલ કહાં હૈ, અભી તો હમને ચલને કા ઇરાદા કિયા હૈ, ના હારે હૈં ના હારેંગે કભી, યે કિસી ઔર સે નહીં ખુદ સે વાદા કિયા હૈ. - **પરવિન શાકિર**
- તમે ખુદા અને દુનિયાની દોલત... બંને એકસાથે મેળવવાની આશા રાખી શકો નહીં . - **ધૂમકેતુ**
- શ્રેષ્ઠ વ્યક્તિઓ શબ્દોમાં સુસ્ત, ચારિત્ર્યમાં ચુસ્ત અને કર્મમાં ઉત્કૃષ્ઠ હોય છે. - **સંત ફ્રાન્સીસ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજકાલ મોટાં મંદિરો-આશ્રમોની બહાર જ ભૂખ્યાં-દુખ્યાં-ગરીબો 'ભીખ' માટે બેઠાં હોય છે. મંદિરમાં આવતાં-જતાં ધનિકોનું ધ્યાન માત્ર મંદિરમાં બેઠેલા 'મહાત્માઓ' પર જ હોય છે. આવા બાબા-બાપુઓ પણ આ ભિક્ષુઓ તરફ તુચ્છકારભરી દૃષ્ટિએ જુએ છે. સાચી સેવા લોકસેવા અને દરિદ્રનારાયણની સેવા છે.

૧૯૫૮ના વર્ષમાં એક જર્મન મહિલા લ્યૂસિયન વિનોબાજીને મળવા આવી. એણે ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં અને કોઈ બાબાની શિષ્યા હતી. સાધના કરતી હતી. વિનોબાજીને એણે પૂછ્યું : આપ પદયાત્રા દ્વારા આવી કઠોર તપશ્ચર્યા કરો છો એના કરતાં તમને એમ નથી લાગતું કે તમે એકાંત-સાધના કરી હોત તો તમને અત્યાર સુધીમાં 'સાક્ષાત્કાર' થઈ ગયો હોત!?

વિનોબાજી કહે : બહેન, મનુષ્ય પરમાત્માનો અંશ છે, એની સેવાથી મને 'સાક્ષાત્કાર' જેટલો જ આનંદ મળે છે. ભગવાનની આરાધનાને ધર્મની વાડાબંધીમાં જપ-તપમાં સીમિત શા માટે બનાવવી? ઈશ્વરે રચેલાં માનવબાળની સેવા જ સાચો ધર્મ છે.

લ્યૂસીને સત્ય સમજાયું. વિનોબાના અંતેવાસી થઈ ગયાં. વિનોબાજીએ એમને 'હેમાબહેન'નામ આપ્યું.

પાટીદાર આંદોલનનું સમાધાન સૌના હિતમાં

તંત્રીસ્થાનેથી....

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે વડાપ્રધાન બનવા જઈ રહેલા પૂર્વ મુખ્યમંત્રીની ખુરશી સંભાળી હશે ત્યારે એમને સ્વખ્ને પણ કલ્પના નહીં હોય કે આવનારા દિવસોમાં એમનો જ પાટીદાર સમાજ અનામતની માગણી સાથે આવડું મોટું આંદોલન ઊભું કરી દેશે. ઊલટાનું એ તો ગુજરાતમાં ફરી એક વાર પાટીદારના હાથમાં સુકાન આવ્યા બદલ સમાજના હૂંફાળા સહયોગની જ અપેક્ષા રાખતાં હોય. પાટીદાર સમાજ ગુજરાતના અર્થકારણના કેન્દ્રસ્થાને છે. એવું કોઈ ક્ષેત્ર નથી જેમાં પાટીદારોનો દબદબો ન હોય. નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી રહ્યા તે સમયગાળામાં પણ સરકારમાં પાટીદારોનો ભારે પ્રભાવ હતો જ. કેશુભાઇ પટેલના વિકલ્પે નવા અને પ્રમાણમાં યુવાન પાટીદારોને રાજકારણમાં મહત્ત્વના હોદ્દા આપી સમાજને રાજી રાખવાનો પ્રયાસ કરાયો હતો. પુરુષોત્તમ રૂપાલા, દિલીપ સંઘાણી અને ફળદુ જેવા પાટીદાર આગેવાનો ઉપરાંત મંત્રીમંડળના સિનિયર સાથીઓ તરીકે નીતિન પટેલ, આનંદીબેન પટેલ પાટીદાર મંત્રીઓનો સમાવેશ કરીને મોદીએ 'પટેલ ફૅક્ટર' પોતાની તરફેણમાં રાખવાનો પ્રયાસ કર્યો હતો. ગુજરાતના ગૃહમંત્રીપદે પણ પ્રફુલ્લ પટેલ કે રજનીકાંત પટેલ જેવા જુનિયર પાટીદાર આગેવાનોને સ્થાન અપાયું હતું. મોદી દિલ્હી ગયા ત્યારે આ પાટીદાર ફૅક્ટરનો સહયોગ પાર્ટીને અને સરકારને મળતો રહે એનું બરાબર ધ્યાન રાખી મંત્રીમંડળનાં એમનાં સૌથી વિશ્વાસુ સાથી આનંદીબેનનો રાજ્યાભિષેક કરાવતા ગયા હતા. પાટીદાર અનામતનો પ્રશ્ન એકાએક કેવી રીતે ઊભો થયો તે સંશોધનનો વિષય છે. ઉત્તર ગુજરાતની સાંસ્કૃતિક નગરી તરીકે ઓળખાતા વીસનગરમાં પહેલો તણખો ઝર્યો, ત્યારે જ શંકા ગઈ હતી કે ખુદ મુખ્યમંત્રીના પોતાના કાર્યક્ષેત્ર અને વતન જેવા પંથકમાંથી આંદોલન શરૂ કરવાની પાછળ લાંબા ગાળાનું આયોજન હશે. પાટીદાર આંદોલન પાછળ ભાજપના જ અંસતુષ્ટોનો દોરીસંચાર હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે, પણ હવે તો કોઈ પણ પાટીદાર આગેવાન એનો વિરોધ કરી સમાજનો વિરોધ વહોરવા તૈયાર નથી. પાટીદારો ફક્ત ઉત્તર ગુજરાતમાં નથી. એમની વસ્તી સમસ્ત ગુજરાતમાં ખૂણે ખૂણે પથરાયેલી છે. આંદોલનકારો પાટીદાર સમાજનો 'ઓબીસી' અનામત જ્ઞાતિઓમાં સમાવેશ કરાવવાની માગણી કરી રહ્યા છે, એની સામે એમાં અગાઉથી સમાવિષ્ટ ૧૪૬ જ્ઞાતિઓ પૈકી કેટલીક શક્તિશાળી જ્ઞાતિઓએ વિરોધ શરૂ કરી દીધો છે. જો પાટીદાર જેવી મોટી સંખ્યા ધરાવતી જ્ઞાતિનો સમાવેશ ઓબીસી - (એસઈબીસી) અન્ય પછાત વર્ગો સાથે થઈ જાય તો એમની તકો ઘટી જવાની શક્યતા રહેવાની જ. ઠાકોર, રબારી અને પ્રજાપતિ જેવી જ્ઞાતિઓના વિદ્યાર્થીઓની હરીફાઈમાં પાછળ જ રહી જાય અને આંતરિક ગુણવત્તાના માપદંડથી પાટીદારો જ લાભ લઈ જાય, એવી ગણતરી ખોટી નથી. તેથી આ મૂળ લાભાર્થીઓ પાટીદારોનો અન્ય અનામત ક્વૉટા ઊભો કરવા સામે વાંધો નથી લેતા પરંતુ એમનો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોમાં સમાવેશ કરી એમના જ ક્વૉટામાં ભાગ પડાવવામાં આવે તો પણ સહન કરવા તૈયાર નથી. પાટીદાર અનામત આંદોલન હાલ પૂરતું અહિંસક રહ્યું છે, અને મક્કમ ગતિએ ફેલાઈ રહ્યું છે. અમદાવાદ અને સુરત જેવાં મહાનગરોમાં તથા સૌરાષ્ટ્રમાં પણ એનો પ્રભાવ દેખાવા લાગ્યો છે ત્યારે એનું વેળાસર સમાધાન શોધવાની જરૂર છે. જો બક્ષીપંચની જ્ઞાતિઓ સાથે એમની ટકરામણ થશે તો આંદોલન હિંસક સ્વરૂપ ધારણ કરી શકે છે. મુખ્યમંત્રીશ્રી અને શાસક પક્ષ દ્વારા પાટીદાર અનામત આંદોલનનો કોઈ કારગત ઉકેલ શોધવાની કસરત ચાલુ જ છે, પરંતુ ભવિષ્યના ગર્ભમાં શું છુપાયેલું છે તે તો સમય જ કહી શકશે.

એક વખત HBsAg પોઝીટીવ આવે તો તેના પરથી હિપેટાઈટીસ-બીની ચોક્કસ સારવાર કરવાનું ઝડપી બને છે અને રોગ પર ઝડપથી કાબૂ મેળવી શકાય છે



પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આપણે જયારે પણ કોઈ ડૉકટરને બતાવવા જઈએ ત્યારે અમુક કેઈસને બાદ કરતાં લગભગ દરેક ડૉકટર કાં તો લૅબોરેટરી કાં તો સોનોગ્રાફી-સીટી સ્કેન - એમ.આર.આઈ આદિ કરાવે. અને તે પછી નિદાન થાય અને તેની સારવાર થાય. આમ કરવાનું કારણ એ જ કે આધુનિક વિજ્ઞાનમાં આયુર્વેદ જેવી નિદાન પદ્ધતિ નથી. આયુર્વેદમાં શરીરના દોષો (વાયુ-પિત્ત-કફ) ને ધ્યાને લઈ રોગનું નિદાન-ચિકિત્સા કરવામાં આવે છે. ઉપરાંત નાડી પરીક્ષા પ્રશ્ન પરીક્ષા આદિ વડે પણ નિદાન થાય છે. આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં આવા કોઈ કોન્સેપ્ટ નથી એટલે તેમાં લૅબોરેટરી - રેડીયોલોજીનો સહારો લેવો પડે આનો એક ફાયદો એ કે લૅબોરેટરી-રેડીયોલોજી વડે ચોક્કસ-નક્કર પરિણામો મળે, અને ગેરફાયદો એ કે અમુક વખતે કારણ વગરના રિપોર્ટો પાછળ ખૂબ ખર્ચો અને હાલાકી ભોગવવાં પડે.

આપણે લૅબોરેટરી વડે થતા લાભો વિશે જાણીએ છીએ. કોઈ પણ રોગનો ડાઉટ હોય તો લેબોરેટરીમાં પરીક્ષણ વડે તેના વિશે ખ્યાલ આવી શકે. હવે તો આપણે લેબોરેટરીથી એટલા ટેવાઈ ગયા છીએ કે સામાન્ય નામો આપણનેય ખબર હોય. જેમ કે **Hb, WBC**, પ્લેટલેટ કાઉન્ટ વગેરે... પણ લેબોરેટરીમાં અમુક ટેસ્ટ એવા પણ હોય છે જે આપણે જીવનકાળ દરમિયાન કયારેક કરાવેલો તો હોય પણ તેના વિશે આપણને ખ્યાલ જ ન હોય. આજે એવા બે ટેસ્ટ વિશે વાત કરીએ.

HBsAg અને **HBsAg**. આ બંને આમ તો ભાઈઓ જ લાગે પણ નિદાનની રીતે જોઈએ તો બંનેના હેતુ સાવ અલગ છે.

આજે વાત કરીએ **HBsAg** ની. **HBsAg** એટલે હિપેટાઈટીસ-બી સરફેસ એન્ટીજન.જયારે કોઈ ડૉકટરને એવું લાગે કે દર્દીને હીપેટાઈટીસ-બી થવાની શક્યતાઓ છે ત્યારે ડૉકટર **HBsAg** ટેસ્ટ વડે તેની ખાતરી કરતા હોય છે. જયારે વ્યક્તિ હિપેટાઈપીગ-બી વાઈરસની ઝપેટમાં હોય છે ત્યારે **HBsAg** ટેસ્ટ પોઝીટીવ આવે છે અને જયારે વ્યક્તિ રોગમુક્ત હોય છે ત્યારે ટેસ્ટ નેગેટીવ થઈ જાય છે.

હીપેટાઈટીસ-બી વાઈરસના કેન્દ્રમાં ડી.એન.એ. હોય છે. **DNA**માં જીન્સ હોય છે, જે વડે વાઈરસ પોતાનો વસ્તીવધારો કરે છે. આ **HBcAg**ની ફરતે **HBsAg** (હીપેટાઈટીસ-બી-કોર એન્ટીજન) નામનું પડ હોય છે. આ પડને આપણા રક્તકણો ઓળખી શકતા નથી. આ **HBcAg**ની ફરતે એક પડ હોય છે **HBsAg**. આ પડ ખરેખર તો વાઈરસ માટેની રક્ષક દિવાલ છે, અને તે શરીરની ઈમ્યુનિટી સિસ્ટમ સામે વાઈરસનું રક્ષણ કરે છે પણ આપણા શરીરની ઈમ્યુનિટી સિસ્ટમ પણ કાંઈ જેવી-તેવી નથી. તે આવા **HBsAg**ના પડને ભેદીને અમુક વાઈરસને મારવામાં સફળ જાય છે. આથી આ તુટેલ-ફુટેલ વેરાયેલ **HBsAg**નો કચરો (પ્રોટીન્સ) લોહીમાં ભળે છે. જયારે લોહીનો ટેસ્ટ કરવામાં આવે ત્યારે આ **HBsAg** જોવા મળે, આથી જાણી શકાય કે વ્યક્તિને હિપેટાઈટીસ-બી વાઈરસનો ચેપ લાગ્યો છે.

એક વખત **HBsAg** પોઝીટીવ આવે તો તેના પરથી હિપેટાઈટીસ-બીની ચોક્કસ સારવાર કરવાનું ઝડપી બને છે અને રોગ પર ઝડપથી કાબૂ મેળવી શકાય છે. આમ, વાઈરસના અંગરક્ષકો જેવું **HBsAg** આપણને રોગની માહિતી આપવા માટે ખૂબ મદદરૂપ સાબિત થાય છે.

- drkedarju@gmail.com

બહુ મોંઘા મૂલે મળી છે આ આઝાદી, એને જાળવી રાખવાની આપણા સૌની ફરજ સદાકાળ રહેશે

મનના ઉમંગો
રણછોડ પરમાર

ઑગસ્ટ મહિનો આવે છે અને ભારતીય પ્રજાજનોના લોહીમાં દેશપ્રેમ ધબકવાનો શરૂ થઈ જાય છે. આખા વરસ દરમિયાન સરકારી કર્મચારીઓએ પોતાની ફરજમાંથી ગમે તેટલી વાર ગુલ્લી મારી હોય, અધિકારીઓએ કામના બદલામાં સરકારી વેતન ઉપરાંતનાં નાણાં ખિસ્સામાં સેરવ્યાં હોય, વેપારીઓએ ખાદ્યચીજોમાં ભેળસેળ કરી હોય, તબીબીઓએ મજબૂર દરદીઓને બિનજરૂરી દવા અને ઓપરેશનના ખરચામાં ઉતાર્યા હોય, વકીલોએ સો ટકા ગુનેગારોને પૈસા ખાતર બચાવીને ન્યાયનો ઘાત કર્યો હોય, ખેડૂતોએ સરકારી જમીન દબાવવાનો પ્રયત્ન કર્યો હોય અને લેભાગુ દલાલોએ કોઈ ગરીબ કિસાનની જમીન બારોબાર વેચી દીધી હોય, સહકારી મંડળીના હોદ્દેદારોએ ટ્રસ્ટનાં નાણાં અંદરોઅંદર વહેંચી લેવા પૂરતો જ સહકાર જાળવ્યો હોય, પોલીસ કર્મચારીઓએ ગેરકાયદેસર કામગીરી કરનાર ગુનેગારોની દંડની પાવતી ફાડી આપવાને બદલે અંદરોઅંદર પતાવી દીધું હોય (આ યાદી કેટલી લાંબી થઈ શકે તે કહેવું મુશ્કેલ છે, એટલે અટકવું જોઈએ.) પરંતુ આ તમામના હોઠો પર પંદરમી ઑગસ્ટ નજીક આવતાં આવતાં દેશભક્તિના ગીતો ગુંજવા માંડે છે.

અપની આઝાકી કો હમ હરગીઝ મીટા સકતે નહીં,
સર કટા સકતે હૈં લેકિન, સર ઝુકા સકતે નહીં.

વળી કેટલાક લોકો દુર્યોધનની જેમ ધર્મને જાણે છે છતાં અપનાવી શકતા નથી, પાછો સામે દાખલો આપે છે : મજબૂરી કા નામ મહાત્મા ગાંધી. અચરજની વાત એ છે કે મહાત્મા ગાંધીજીનું નામ ભારોભાર અધર્મ ધરાવતા કૃત્ય સાથે કેવી રીતે સાંકળી શકાય? (એમ તો કૃષ્ણનું નામ રંગરેલિયા કરતા વાસના- પ્રિય માણસો પોતાના બચાવમાં ટાંકતા કયાં અચકાય છે?) પોતાનાં કૃત્યોથી દેશને કોઈ ફાયદો થનાર નથી, કેવળ અને કેવળ નુકસાન જ થનાર છે અને તેનાથી દેશના નામને ઝાંખપ લાગે છે, છતાં ઑગસ્ટમાં તેઓ એમ જ કહેવાનાં -

સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા,
હમ બુલબુલે હૈં ઉસકી, વો ગુલિસ્તાં હમારા...

હવે એમને કોણ સમજાવે કે બુલબુલનો રંગ કાળોમેશ હોતો નથી અને એમની હાજરીથી ગુલિસ્તાંની શોભામાં કશો વધારો થતો નથી બલ્કે... ચાલો, એક બીજો શેર પણ કહી દઉં;

બસ એક હી ઉલ્લુ કાફી હૈ, બરબાદ ગુલિસ્તાં કરને કો,
હર શાખ પે ઉલ્લુ બૈઠે હૈં, અંજામ-એ- ગુલિસ્તાં કયા હોગા?

આપણે આપણા દેશને ખરેખર અનેકરંગી અને વિવિધરંગી પુષ્પોથી શોભતો બાગ બનાવવો હોય, તો આપણા હાથોને વતનની માટીથી ખરડાવા દેવા પડશે. નવાં ફૂલછોડ રોપવા પડશે, એને નિયમિત ખાતર-પાણી આપવા પડશે, ઢોર-ઢાંખર નુકસાન ન કરે તેની કાળજી રાખવી પડશે, વધુ પડતી ગરમી-ઠંડી કે વર્ષા સામે એને રક્ષણ આપવું પડશે, સર્વેનો એકસરખો વિકાસ થાય તે તરફ ધ્યાન આપવું પડશે, ધર્મના નામે કે અંગત શોખ માટે લોકો ફૂલોનું નિકંદન કાઢી ન નાખે એ પણ જોવું પડશે. કૃષ્ણના ચરણોમાં કેવળ એક ફૂલ અર્પણ કરવાથી પણ પ્રભુ આપણી ભાવનાની જરૂર કદર કરશે. એના માટે પાંચસો ફૂલોના ઢગલામાં ઈશ્વરની મૂર્તિને ઘેરી લેવાની કશી જરૂર નથી. ફૂલોની ખરી શોભા છોડ ઉપર જ છે એ વાત આપણને કોણ સમજાવશે?

આપણે આપણા દેશની વાત કરતા હતા. ૧૯૪૭માં આપણે આઝાદ થયા એ વાતને અડસઠ વરસ થઈ ગયા. આટલા વરસોમાં આપણે દેશના વિકાસ માટે શું કર્યું? વિકાસની વાત જવા દો પણ દેશની બરબાદીમાં આપણે જાણે-અજાણે કેટલા જવાબદાર બન્યા એનું સરવૈયું કાઢવાનો સમય પાકી ગયો છે. આપણે આપણા પાડોશીને શું કેવળ જ્ઞાતિના ધોરણે જ મૂલવ્યો છે? દરેક ચૂંટણીમાં શું યોગ્ય ઉમેદવારને જ મત આપ્યો છે? આવકવેરાના પત્રકમાં બધી જ આવક દર્શાવીને પૂરેપૂરો ટેક્ષ ભર્યો છે? મંદિરના બાંધકામ માટે માંગે એટલી રકમનો ચેક ફાડતાં સહેજે અચકાતાં નથી પણ ફીના અભાવે અભ્યાસ છોડી દેનારા કોઈ વિદ્યાર્થીની ફી રાજીખુશીથી ભરી છે? અરે એ બધું જવા દો, આટલા લાંબા આયુષ્ય દરમિયાન એકાદું વૃક્ષ કોઈ વટેમાર્ગુના છાંયડા માટે રોપ્યું છે ખરું? આમ તો જીવન દરમિયાન પાંચ ઝાડ રોપવા જોઈએ. પણ કાંઈ વાંધો નહીં, એક જ વૃક્ષ ઉછેરશો તો ઘણું છે. આપણા વડાપ્રધાનશ્રીની ગણતરી મુજબ એકસો વીસ કરોડ ઝાડવા ઓછામાં ઓછા વધી જશે. એમાંય જો ફળાઉં વૃક્ષ લગાવ્યું હશે તો રાષ્ટ્રીય સંપત્તિમાં કેટલો વધારો થશે, એની ગણતરી કોઈક વાર નિરાંતે બેઠા હોય ત્યારે કરી જોજો. દેશસેવા માટે બધાએ હાથમાં મશીનગન લઈને સરહદ પર દુશ્મનોને ઠાર કરવા જવાની જરૂર નથી. તમારું દરેક સત્કર્મ ભારતભૂમિની સેવા જ છે.

આપણા મૂર્ધન્ય સાહિત્યકાર મનીષી ઉમાશંકર જોશીએ અગિયારમી ઑગસ્ટ ઓગણીશ સો ત્રેપનના દિને 'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું?' એવું આપણને પુછ્યું હતું. એ પછી તો સાબર કેટલીયે વાર સુક્કીભટ્ટ બની અને કેટલીયે વખત જળભરપૂર વહી. હવે તો રીવરફ્રન્ટમાં બંધાઈ પણ ખરી અને પૂજાઈ પણ ખરી. ઉક્ત કાવ્યની એક કડી હૈયામાં છાપીને રાખવા જેવી છે:

સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે;
સ્વાતંત્ર્યના ગઢકાંગરાઃ કરવત ગળે.

બહુ મોંઘા મૂલે મળી છે આ આઝાદી. એને જાળવી રાખવાની આપણા સૌની ફરજ સદાકાળ રહેશે. સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છાઓ સાથે આપણને આ કાવ્ય ઘુંટડે ઘુંટડે પીવા માટે ભેટ ધરું છું.

તેં શું કર્યું ?

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,
તેં શું કર્યું ?
દેશ જો બરબાદ થાતા રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?
'લાંચરૂશ્વત, ઢીલ, સત્તાદોર, મામામાશીના,
કાળાં બજારો, મોંઘવારી : ના સીમા !'
- રોષથી સૌ દોષ ગોખ્યા,
ગાળથી બીજાને પોંખ્યા.
આળ પોતાનેય શિર આવે ન જો! તેં શું કર્યું ?
આપબળ ખર્ચ્યું પૂરણ ? જો, દેશના આ ભાગ્યમાં તેં શું કર્યું ?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હરપળે;
સ્વાતંત્ર્યના ગઢકાંગરા : કરવત ગળે.
ગાફેલ, થા હુશિયાર! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?
શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે,
હર એક હિંદી હિંદની છે જિંદગી,
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ; એ સ્વાતંત્ર્ય દિનની બંદગી.

- ઉમાશંકર જોશી

ત્યાગ, બલિદાન, સેવા, શિસ્ત, સંયમ, સાહસ, પરિશ્રમ, ઐક્ય જેવા ગુણોવાળા પ્રાણવાન નાગરિકો વડે જ રાષ્ટ્રઘડતર થાય છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

હું તો બસ, એટલું માગું, સુખી મુજ દેશવાસી હો,
ન જાયે આયખું એનું ક્ષુધા, આંસુ કે આહોમાં.
ના વિક્ષેપ, ના લોપો દ્રષ્ટિ માંગલ્યની કદા,
સત્યનિષ્ઠ હજુ રાષ્ટ્ર, ધ્યેયનિષ્ઠ હજો પ્રજા!

- નાનાલાલ દવે

આપણને આઝાદી મળ્યે સાત દાયકા પૂરા થવા આવ્યા છતાં હજુયે મનમાંથી ગુલામી હટતી નથી. અંગ્રેજોની ગુલામીમાંથી આપણે છૂટ્યા તો ખરા પરંતુ અંગ્રેજી રીતભાત અને ભાષાનું વળગણ હજુયે છૂટતું નથી. અંગ્રેજી ભાષાથી જ માન મરતબો મોટાઈ કે પ્રતિષ્ઠા મળશે એવા છૂપા ખ્યાલથી અંગ્રેજી-મિશ્રિત ગુજરાતી બોલતાં ગુજ્જુજનોની બલીશાતાને શું કહેવું?! પરભાષાના ઉપલકિયા પોપટિયા જ્ઞાનથી કદાચ ક્ષણિક પ્રભાવ પાડી શકાશે પણ સ્વવિકાસ તો ન જ સાધી શકાય. આજે સમગ્ર દેશમાં યેનકેન પ્રકારે સત્તા-સંપત્તિ મેળવવાનો નાદ લાગ્યો છે. એક વર્ગ તો એવો છે કે જેને પોતે શા માટે જીવે છે એનુંય ભાન નથી... બસ, પૈસો... પૈસો... ને પૈસો આવા લોકો તો કમાવાની લાયમાં જીવવાનુંય ભૂલી બેઠા છે! આંધળી ધનલાલાસામાં સ્વાર્થ-લંપટ લોકો પરિવારને વફાદાર નથી... અરે, જાતને પણ વફાદાર નથી એવા શું દેશને વફાદાર રહે ખરા?

એક નાનકડી ઘટના યાદ આવે છે, સ્વામી વિવેકાનંદને એકવાર અમેરિકામાં ફળ ઉપલબ્ધ ન થયાં. તેમણે કહ્યું, અહી તો ફળ પણ મળતાં નથી. આ સાંભળતા જ એક વૃદ્ધ અમેરિકન મહિલાએ એમને ફળ લાવી આપ્યાં. વિવેકાનંદે એના દામ પૂછ્યા ત્યારે એ મહિલાએ એટલું જ કહ્યું કે, અમેરિકામાં ફળ નથી મળતા એવું ભારતમાં જઈને કોઈને કહેતા નહિ. બસ આટલી જ એની કિંમત છે.

દોસ્તો, પ્રત્યેક દેશવાસીના હૈયામાં આવો રાષ્ટ્રપ્રેમ જગાડવો પડશે. આપણે આપણા રાષ્ટ્રની પરંપરાનું પૂજન અને તેનું અનુસરણ કરીશું તો જ દેશભાવાનાની સૌરભ નિર્માણ થશે. પ્રત્યેક દેશવાસીને લાગવું જોઈએ કે ભારતમાં જન્મ મળ્યો એ જીવનનું સૌભાગ્ય છે. ભાવના પ્રત્યેક સુજ્ઞ મનુષ્યના હૈયામાં હોવી જોઈએ. પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે દેશ મારે માટે શું કરે છે એવી નિજી સ્વાર્થ લંપટતામાં મારે દેશ માટે શું કરવાનું છે એ વિચાર સુદ્ધા આવતો નથી. જાણે રાષ્ટ્રીય ચારિત્ર્ય જેવું કઈ છે જ નહિ... નર્યા સ્વાર્થપરસ્ત ને ભોગલંપટ માણસોને રાષ્ટ્રની પરવા પણ નથી. બસ, રાષ્ટ્રના ભોગે ઉપભોગો ભોગવવાની મનોવૃત્તિ જગજાહેર બનવા માંડી છે. હું તો એવું સ્પષ્ટપણે માનું છું કે જેને પોતાના દેશ માટે પ્રેમ કે રાષ્ટ્રની સંસ્કૃતિ માટે ગૌરવ ન હોય તેવા કેવળ ભારતમાં જન્મેલાને ભારતીય કહેવો એ ભારતનું અપમાન છે. ભારતની સાંસ્કૃતિક પરંપરાને માન્ય કરે તે જ ભારતીય એ પ્રકારની સુસ્પષ્ટ સમજણ આબાલવૃદ્ધ સૌને આપવી જોઈએ.

ભારતીય પ્રાણવાયુના બળે જીવતા છતાં પરકીય નિષ્ઠા ધરાવનારા બહોળા પ્રમાણમાં છે કે જેઓ અલગતાવાદ, ભાષાવાદ, સંપ્રદાયવાદ, કોમવાદ, ભાગલાવાદની ખંડિત દૃષ્ટિ આ દેશની અખંડીતતાને બહુ મોટી *હાનિ પહોંચાડે* છે. આવી સંકુચિત મનોવૃત્તિથી દેશને બચાવીએ. માત્ર ઘરેડબદ્ધ રીતે રાષ્ટ્રીય પર્વો ઉજવીને, ઈતિ કર્તવ્ય- માણી લેવાથી કશું જ થશે નહિ. આ બધું જોતાં તો એવું લાગે છે કે આપણને અડધી રાત્રે મળેલી આઝાદીનું હજીયે પ્રભાત થયું દેખાતું નથી.!!

એકવીસમી સદીમાં વિજ્ઞાને ક્ષિતિજો પાર કરી છે. વસુધૈવ કુટુમ્બકમ-નો અહેસાસ કરાવ્યો છતાં હાર્દિક રીતે માણસ માણસથી દૂર જ છે. દેશ પ્રત્યેની અનોખી ભક્તિ-ભાવનાનું ભાવાવરણ સર્જવાની તાતી જરૂર છે. એક સમયે દેશભક્તોને મા ભારતી સિવાય કશું જ દેખાતું ન હતું. તેમના શબ્દો અનેકને પ્રાણવાન બનાવી દેતા. એવા જ રાષ્ટ્રભક્તોને આજે મા ભારતી ઝંખી રહી છે...

દોસ્તો! ત્યાગ,બલિદાન, સેવા, શિસ્ત, સંયમ, સાહસ, પરિશ્રમ, ઐક્ય જેવા ગુણોવાળા પ્રાણવાન નાગરિકો વડે જ રાષ્ટ્રઘડતર થાય છે. ઈતિહાસ પર જરા નજર નાખીશું તો સમજાશે કે સતત સખત પરિશ્રમ ને સમયપાલનના આગ્રહી નાગરિકોએ જ નષ્ટપ્રાય થયેલા જાપાનની કાયાપલટ કરી, શિસ્ત અને સભ્યતાએ ઈંગ્લેન્ડને આગવી ઓળખ બક્ષી. સાહસ, શૌર્ય અને સ્વાધ્યાયનિષ્ઠાએ જર્મનીની સૌરભ વિશ્વભરમાં ફેલાઈ. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને પ્રયોગનિષ્ઠાએ રશિયા અને અમેરિકાને સમૃદ્ધિથી છલકાવી દીધા. અનોખી વતનપરસ્તી ને પ્રાણાર્પણની ભાવના ઈઝરાયલની ઓળખ બની. આમ વિશ્વના પ્રત્યેક દેશદેશના ઈતિહાસમાં કઈક ને કઈક બોધપાઠ સમાયેલો પડ્યો છે. આપણે પણ સ્વભૂમિને યોગ્ય એવા તત્વો ઉમેરીને આપણી આગવી મૌલિક કેડી કંડારવી પડશે. ભલે ને રશિયાએ ભય સર્જી નાગરિકોને નિયંત્રણમાં રાખીને કે અમેરિકાએ અમર્યાદ ભોગો સર્જીને ત્યાના લોકોને તૃપ્ત કર્યા હોય પણ આપણા દેશ માટે ભય કે ભોગ એકેય કામયાબ ન નીવડે. આપણે ત્યાં તો ઋષિપ્રણિત ભક્તિની બેઠક જ બદલાવ લાવી શકશે... તેથી જ તો પૂજય પાંડુરંગ શાસ્ત્રીએ ભક્તિ આધારિત વિધવિધ પ્રયોગો આપી દિશાનિર્દેશ કર્યો તેમજ **"Bhakti is a social force"** ભક્તિ એક સામાજિક શક્તિ છે એના સુપેરે દર્શન જગતને કરાવ્યા છે. ભક્તિનું યથાર્થ તત્વજ્ઞાન સમાજના પ્રત્યેક વ્યક્તિ સુધી પહોચાડવું આજના સમયની માંગ છે. ભક્તિ જ ત્યાગ, બલિદાન અને સેવા કરવા પ્રેરે છે. ભક્તિની બેઠક પર જ ભવ્ય, દિવ્ય ભારતનું નવસર્જન શક્ય છે. ભક્તિથી દિક્ષિત થયેલ વ્યક્તિનું જીવન સંયમ અને સ્નેહની સૌરભથી મહેકતું હોય છે.

દોસ્તો! આઝાદી પૂર્વે ઘી-દૂધની નદીઓ વહેશે... રામરાજયના સ્વખ્ના દેશની જનતાએ આંખે આંજયા હતાં પરંતુ આ